
# પાલનપુરના યુવકનું અપહરણ કરનાર હત્યારાને ૪ દિવસના રિમાન્ડ

પાલનપુર, તા. ૧૨

પાલનપુરના ઢુંઢીયાવાડી વિસ્તારમાંથી પાંચ દિવસ પૂર્વે અપહરણ કરાયેલા યુવકની લાશ સોમવારે બપોરે સતલાસણા તાલુકાના રાણપુર ગામની સીમના વાંઘામાંથી દાટેલી હાલતમાં મળી આવતાં ચકચાર મચી ગઈ છે. નોંધનીય છે કે અપહરણ કર્યા બાદ આરોપીઓએ યુવકના પરિવાર પાસે રૂ.૩૧ લાખની ખંડણી માંગી હતી અને જો ખંડણી નહીં આપો તો દીકરો ગુમાવો તેવી ધમકી આપી હતી. જેને પગલે પોલીસે આ દિશામાં સઘન તપાસ આદરી હતી.

સતલાસણા તાલુકાના ગામની સીમના સર્વે નંબર ૪૦૯માં એક યુવકની લાશ દાટવામાં આવી હોવાની માહિતી મળતાં સરપંચે સોમવારે બપોરે પોલીસને જાણ કરી હતી. જેમાં સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયેલા પીએસઆઈ એચ.કે. ગોહીલે લાશનું પંચનામું કરી બહાર કાઢી બે તબીબોની પેનલ વડે ઘટના સ્થળે જ પીએમ કરાવ્યું હતું. આ અંગે પીએસઆઈએ જણાવ્યું હતું કે, લાશ બેથી ચાર દિવસ અગાઉ દટાયેલી હોઈ કોહવાઈ ગઈ હતી, પરંતુ યુવાનની અર્ધનગ્ન લાશનાં કપડાં તપાસતાં એક આઈકાર્ડ મળી આવ્યું હતું. જેના ઉપરથી આ લાશ પાલનપુરમાંથી અપહરણ કરાયેલા ૧૮ વર્ષિય નીરજ બાબુલાલ વર્માનું હોવાનું બહાર આવ્યું હતું.

ઉલ્લેખનિય છે કે, મૃતક યુવાનનું પાલનપુરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં રહેતો નીરજ બાબુલાલ વર્મા સિદ્ધપુરની હંસાબા એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતો હતો અને ગત ગુરુવારે સવારે નિત્યક્રમ મુજબ કોલેજ જવા નીકળ્યો હતો. બાદમાં રસ્તામાંથી અજાણ્યા શખ્સો તેનું અપહરણ કરી ગયા હતા. અપહરણ થયાના બે દિવસ સુધી સતત અપહરણકર્તાઓએ ફોન કરી રૂ.૩૧ લાખની ખંડણી માંગી હતી અને જો ખંડણીની રકમ નહીં આપો તો દીકરો ગુમાવી દેશો તેવી ધમકી પણ આપી હતી. ત્યારે અપહરણ થયાના પાંચ દિવસ બાદ યુવાનની લાશ હત્યા કરાયેલી હાલતમાં મળી આવતાં સતલાસણા પોલીસે લાશને મહેસાણા કોલ્ડરૂમમાં મોકલી આપી હતી. તેમજ આ અંગે પાલનપુર પોલીસને જાણ કરી હત્યારાઓનું પગેરું શોધવા ડીવાયએસપીની આગેવાનીમાં ૧૦ ટીમ બનાવાઈ સઘન તપાસ આદરી હતી. દરમિયાન આજ રોજ પોલીસ ને આરોપી હત્યાર ની ઝડપી લઈ મોટી સફળતા હાસલ કરી હતી મોબાઈલ લોકેસન ના આધારે આરોપી અસરફખાન અકબરખાન મુમન રહેવાસી તખતપુરા તા સતલાસણા જીલ્લા મહેસાણા ને પોલીસે પાલનપુર થી ઝડપી પાડેલ અને પોલીસે આખરી પૂછ પરછ કરતા ભાગી પડેલ અને ગુનાની કબુલાત કરેલ કે મુર્તક નીરજ વર્મા આરોપી ના કોલ સેન્ટર માં નોકરી કરતો હતો ત્યારે આરોપી ની માસુકા ને નીરજ કોન્ટેક્ટ કરતો હોઈ તા ૬ ફેબ્રુઆરી ના રોજ ફોન કરીને બોલાવી બાઈક પર તખતપુર લઇ ગયેલ ત્યારે બાઈક નીરજ ચલાવતો હોઈ પાછલ બેસી દોરડા થી ગળે ફાસો આપી હત્યા કરી કબુલાત કરી હતી ઘટના પાછળ ્રેમ -કરણની તેમજ આર્થિક દેવું હોવાનું બહાર આવ્યું હતું પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રેમ પ્રકરણમાં ગેડના યુવાનની હત્યા


## સાયબાપુરની ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ : લાશ વગે કરવા વપરાયેલ વાહન કબજે લેવાયું

હિંમતનગર, તા.૧૨

હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં વાંધામાંથી એક યુવાનની હત્યા કરેલ લાશ મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરતાં હત્યાનો ભોગ બનેલ યુવાન પ્રાંતિજ તાલુકાના ગેડ ગામનો હોવાનું અને હત્યા પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાની શકયતાને નજર સમક્ષ રાખી પોલીસે શકમંદની પુછપરછ આદરી લાશ વગે કરવામાં ઉપયોગમાં લેવાયેલ વાહન કબજે લઈ તપાસને વેગવંતી બનાવી છે.

ગેડ ગામના યુવાનની હત્યા અંગે પ્રાપ્ત થયેલ વિગત અનુસાર પ્રાંતિજ તાલુકાના ગેડ ગામના દોલતસિંહ કેશરીસિંહ રાઠોડનો પુત્ર વિષ્ણુસિંહ ગત રવિવારે ઘરેથી નીકળ્યા બાદ પરત ફર્યો ન હતો અને મંગળવારે તેની લાશ હિંમતનગર-વિજાપુર રોડ ઉપર દેરોલ ગામની સીમમાં એક વાંધામાંથી મળી આવી હતી. પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા શકમંદોની પુછપરછ કરી હત્યાનું પગેરું મેળવવા તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાના સંકેત મળતા પોલીસે સાયબાપુર ગામના ભગુસિંહ વકતુસિંહ રાઠોડ અને તેમના સાગરીતો વિરૂધ્ધ ફરિયાદ નોંધી પુછપરછ હાથ ધરી છે. હિંમતનગર ગ્રામ્ય પી.એસ.આઈ. કે.ડી. બ્રહ્મભટ્ટે હત્યા પ્રકરણે જણાવ્યું હતું કે તપાસ ચાલુ છે અને હત્યા પાછળ પ્રેમ પ્રકરણની સંભાવના નકારી શકાતી નથી. પોલીસે હત્યા માટે વપરાયેલ સાધન, લાશ વગે કરવા વપરાયેલ વાહન કબજે લીધા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ મૃતક યુવાનને ફોન કરીને યુવતી દ્વારા જ બોલાવાયો હતો અને પછી ઠંડે કલેજે તેની કરપીણ હત્યા કરવામાં આવી હોવાની સંભાવના વ્યકત થઈ રહી છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં મોટી બજાર વિસ્તારમાં આવેલ એક જ્વેલર્સની દુકાનમાં પંદર દિવસ અગાઉ જ્વેલર્સના વેપારીએ તેના અમદાવાદના મિત્રની ભલામણથી રાધે નામના શખ્સને નોકરીએ રાખ્યો હતો જો કે માત્ર ચાર દિવસમાં જ શેઠનો ભરોસો જીતી જ્વેલર્સ દુકાનમાંથી ૨૬૦ ગ્રામ સોનું જેની કિંમત સાત લાખ એંસી હજારનું લઈ ફરાર થઈ ગયો હતો. જ્વેલર્સના વેપારી કરીમભાઈ શેખે પાલનપુરના એ ડીવીજન પોલીસ દફતરે ફરીયાદ નોંધાવી હતી. આરોપી રાધાકાંત કરમાકર રહે. ગોરા જિલ્લો વેસ્ટ મેદનીપુર રાજ્ય પં. બંગાળ હોવાથી તેના મોબાઈલ લોકેશનના આધારે પોલીસ વોચ ગોઠવી બાંગલાદેશ બોર્ડર પાસેથી મુદામાલ સાથે ધરપકડ કરી પાલનપુર લાવામાં આવ્યો હતો.

# પ્રાંતિજમાં મુસ્લિમ ધર્મગુરૂનું આગમન

## વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયો

પ્રાંતિજ, તા.૧૨

પ્રાંતિજ ખાતે મુસ્લિમ સમાજના ધર્મગુરૂ નાયબ અજાન હસીન હઝરત સૈયદ હસન અરકરમીયાંની પ્રાંતિજમાં સૈયદ ઈકબાલ બાપુના નિવાસસ્થાને પધરામણી થતા સમગ્ર મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમાજના અગ્રણી અને સેવકો દ્વારા સ્વાગત કાર્યક્રમ બાદ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. પૂ. ધર્મગુરુ દ્વારા કુરાનના પવિત્ર સિધ્ધાંતો માનવ સેવા અને જીવન વિશે ઉદબોધનો કર્યા હતા. ઉપરાંત ઈડરના ગંભીરપુરામાં નવીન નિર્માણ પામેલ 'સકીના' મસ્જિદનું પણ ઉદઘાટન કરી નમાજ પહેલા વાઅઝ ફરમાવી નમાઝ અદા કરી હતી. જયારે અંતે વિશાળ જનમેનીએ પૂ. બાપુનું અભિવાદન સ્વીકાર્યું હતું.


ખેડબ્રહ્મામાં તાલુકાના લક્ષ્મીપુરા સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે વિશ્વકર્મા જયંતિ પ્રસંગે ગામના કારીગરવર્ગના ભાઈ-બહેનોના સહયોગથઈ વિશ્વકર્મા ભગવાનની ભવ્ય, શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં દરજી, કડિયા, પ્રજાપતિ, પંચાલ અને સુથાર ભાઈ બહેનો જોડાયા હતા. બેન્ડવાજા સાથે દાદાની પ્રતિમા સાથે સમગ્ર નગરમાં પરિક્રમા સ્વરૂપે શોભાયાત્રા ફરી હતી. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

# અમદાવાદ આરટીઓમાં હાઈસિકયોરીટી નંબર પ્લેટ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ સુભાષબ્રીજ ખાતે આવેલ આરટીઓ કચેરી દ્વારા તા. ૩૧મી જાન્યુઆરી સુધી નોંધાયેલા નવા વાહનોને હાઈસિકયોરીટી નંબર પ્લેટ લગાડવા માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી મરજીયાત જણાવાઈ છે. એપોઈન્ટમેન્ટ સિવાય આવનાર વાહનો માટે બપોરના ૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન નંબર લવા માટે ટોકન ઈશ્યુ કરવામાં આવનાર છે. પરંતુ તા. ૧લી ફેબ્રુઆરી પછી નોંધાયેલ તમામ વાહનોને હાઈસીકયોરીટી નંબર પ્લેટ કરાવવા માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ ફરજીયાત કરવામાં આવેલ છે. ઓન લાઈન એપોઈન્ટમેન્ટ માટે વેબ સાઈટ www.hsrpgujarat.com પરથી લેવાની રહેશે.

# લોકસભા ચુંટણી અંતર્ગત ડીસામાં હોમગાર્ડઝ જવાનોનો તાલીમ કેમ્પ યોજાયો

ડીસા, તા.૧૨

લોકસભા ચૂંટણી ૨૦૧૪માં જવાનોને આગામી લોકસભા ચૂંટણીમાં કઈ રીતે ફરજ બજાવવી



કાયદો અને વ્યવસ્થાની ફરજ સંભાળનાર પોલીસ અને હોમગાર્ડઝ જવાનોને ચુંટણી લક્ષી તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત બુધવારે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના જવાનોને પણ ચુંટણી લક્ષી તાલીમ આપવાનો કેમ્પ યોજાયો હતો.

પોલીસ સાથે ખભેખભા મિલાવી કાયદો અને વ્યવસ્થાની ફરજ બજાવતા હોમગાર્ડઝના તે અંગે ચુંટણીલક્ષી તાલીમ આપવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ અને ડીવાયએસપી એન.એસ. નિનામાની સૂચનાથી અને ડીસાના નાયબ પોલીસ અધિક્ષક એચ.આર. દેસાઈની સીધી દેખરેખ હેઠળ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના જવાનોનો ચુંટણી લક્ષી તાલીમ કેમ્પ બુધવારે ડીસા એરપોર્ટ ખાતે યોજાયો હતો. જેમાં ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.ડી. નકુમે હોમગાર્ડઝ જવાનોને લોકસભા ચૂંટણી દરમિયાન કઈ રીતે ફરજ બજાવવી તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ એ.એફ.આલ., બી.વી. ભોંકુ (કલાર્ક) સહિત એન.સી. ઓઝા અને હોમગાર્ડઝના જવાનોએ ઉપસ્થિત રહી તાલીમમાં ભાગ લીધો હતો.

# વાલરણ ગ્રામ પંચાયત કચેરીમાં રૂ. ૧૭ હજારની મત્તાની ચોરી

ખેડબ્રહ્મા, તા.૧૨

ખેડબ્રહ્મા તાલુકામાં સ્થિત વાલરણ ગામે ગ્રામ પંચાયતનાં કોમ્પ્યુટરને કેટલાક તસ્કરોએ નિશાન બનાવ્યું હતું ને તેમાંથી રૂ. ૧૭૦૦ની કિંમતની ઈલેકટ્રીક ચીજવસ્તુઓની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા.

ખેડબ્રહ્મા તાલુકામાં વાલરણ ગામે ગ્રામ પંચાયતની કચેરી આવેલી છે. જયાં ગત ૩૦ જાન્યુઆરીના રોજ કેટલાક તસ્કરો ત્રાટયા હતા અને કચેરીના કોમ્પ્યુટર રુમના દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદમાં રૂમમાં પડેલ બે નંગ સી.પી.યુ. અને એક નંગ એલ.સી.ડી. મોનિટર મળી કુલ રૂ.૧૭ હજારની ઈલેકટ્રીક ચીજવસ્તુઓની ઉઠાંતરી કરી લઈ ગયા હતા. એક અઠવાડીયા પછી આ ચોરી અંગે ઉપસરપંચ શંકરભાઈને જાણ થતા તેઓએ ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકા પંચાયત ખિલોડા સીટના કોંગ્રેસ સદસ્ય કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત ખિલોડા સીટ કોંગ્રેસના વર્તમાન સદસ્ય, કોંગ્રેસ સંગઠન ઉપપ્રમુખ સાથે મોટી સંખ્યામાં કાર્યકરો કોંગ્રેસમાંથી ભાજપમાં આનંદભેર જોડાયા હતા. ભિલોડા તાલુકા પંચાયત ખિલોડા સીટ કોંગ્રેસ સદસ્ય પ્રેમજીભાઈ કાવજીભાઈ ડામોર, ખેરંચા ગ્રામ પંચાયત સરપંચ જમનાબેન પ્રેમજીભાઈ ડામોર, ભિલોડા તાલુકા ભાજપ પુર્વ મહામંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ (મઉંવાળા)સહિત અનેક લોકો ભાજપમાં જોડાયા હતા. અરવલ્લી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ગુણવંતલાલ બી.ત્રિવેદી (ભિલોડા), ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાંતીલાલ એન.પટેલના માર્ગદર્શન હેઠળ ભાજપમાં જોડાયેલા તમામ કાર્યકરોને કેસરીયો ખેસ પહેરાવી આવકારવામાં આવ્યા હતા.અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠનના વિવિધ હોદ્દેદારો,કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

## કુંડોલ ગામે યુવા જાગૃતતા એકતા શિબિર યોજાઈ

મોડાસાની એન.એસ. પટેલ લૉ કોલેજ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાના ભાગ રૂપે લૉ કોલેજના વિદ્યાર્થીઓની મોડાસાના કુંડોલ ગામે યુવા જાગૃતતા એકતા શિબિર યોજાઈ હતી. જેમાં લૉ કોલેજના વિદ્યાર્થીઓને કાનુની શિબિર, મહિલા જાગૃતિ, વિના મૂલ્ય નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કોલેજના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ શાહ, આચાર્ય આર.આર. રોહિત, સરપંચ વીણાબેન પટેલ, નિલેષભાઈ સહિત દૂધ મંડળીના ચેરમેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શોએબ હત્યા : વધુ તપાસની અરજી પર ૧૪મીએ ચુકાદો

અમદાવાદ, તા. ૧૨

શહેરના પટવાશેરી વિસ્તારમાં ૯૦ કિગ્રાના પથ્થર વડે થયેલ ચકચારી મોહમ્મદ શોએબ હત્યાકેસમાં મૃતકના પિતા મોહમ્મદ રફીક દ્વારા દાખલ કરાયેલ વધુ તપાસની અરજીના ચુકાદા પર વધુ એક મુદત પડી છે. અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટ વધુ તપાસની અરજીનો આગામી ૧૪મી ફેબ્રુઆરીના રોજ ચુકાદો જાહેર કરશે. આ કેસમાં અત્યાર સુધી બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ચુકી છે. હવે આગામી સમયમાં ચુકાદો જાહેર થશે. આ કેસની વિગત એવી છે કે એક વર્ષ અગાઉ શહેરના પટવાશેરી વિસ્તારમાં મોહમ્મદ શોએબ નામના શખ્સની ૯૦ કિગ્રાના પથ્થર વડે છુંદી હત્યા કરી નાંખવામાં આવી હતી. જેમાં એ વખતના સરખેજ પોલીસ મથકના પીઆઈ આર.સી. પટેલે અલ્તમસ કુરેશી નામના શખ્સની ધરપકડ કરી કલમ-૧૧૪ મુજબ કેસની તપાસ પૂર્ણ બતાવી કેસ રફેદફે કરી દીધો હતો. ત્યારબાદ મૃતકના પિતા મોહમ્મદ રફીકે એડવોકેટ ઈમ્તિહાસ પઠાણ અને શમશાદ પઠાણ મારફતે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં વધુ તપાસની અરજી કરી હતી. જેમાં કોર્ટે કેસની યોગ્ય તપાસ ન કરનાર પીઆઈ આર.સી. પટેલને જવાબ રજુ કરવા બોલાવ્યો હતો પણ તેઓ ચાર વખતની મુદત બાદ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા જ્યાં કોર્ટે તપાસ સંબંધી તેમને પ્રશ્નો પૂછતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા નેશનલ હાઈવે પર આવેલ વિશ્વકર્મા મંદિર ખાતે મહાસુદ-૧ ૩ના દિવસે વિશ્વકર્મા જન્મ જયંતિ નિમિત્તે મેળો ભરાયો હતો. ડીસા તાલુકા અને શહેરમાં વસતાં સુથાર સમાજનાં ભગવાન એવા વિશ્વકર્માની જન્મ જયંતિની ઉજવણી કરાઈ હતી. જેમાં સુથાર સમાજ ટ્રસ્ટ દ્વારા મહાસુદ-૧ ૩નાં દિવસે ૨૪મી વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિર પરિષદને વિવિધ ચીજ વસ્તુઓથી સણગારવામાં આવ્યું હતું તેમજ હવન અને ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તેમજ દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિર ખાતે મોટો મેળો ભરાયો હતો. આ પ્રસંગે આજુબાજુનાં ગામોમાંથી તેમજ શહેરમાંથી સુથાર સમાજનાં ભાઈ-બહેનો સહિત અન્ય સમાજનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન